# નાસીરનગર મામલે તપાસ કમિટી દ્વારા નિવેદનો લેવાયાં

**આજે** હાઇકોર્ટમાં સુનાવણી છે

સુરતઃ નાસીરનગર ડિમોલિશન વિવાદમાં રાજ્ય સરકાર દ્વારા હાઈકોર્ટના નિર્દેશ બાદ રચાયેલી ઉચ્ચસ્તરીય તપાસ કમિટીએ આજે ગાંધીનગરમાં સૌપ્રથમ પોલીસ વિભાગના સંલગ્ન અધિકારીઓ અને કર્મચારીઓના નિવેદનો લીધા હતા. ત્યારબાદ પૂર્વ મનપા કમિશનર એમ. નાગરાજન દ્વારા રચાયેલી પાંચ સભ્યની તપાસ કમિટીના સભ્યોને બોલાવી તેમના રિપોર્ટમાં આવરી લેવાયેલા મુદ્દાઓ ઉપરાંત અન્ય બાબતો અંગે પણ સ્પષ્ટતા માગવામાં આવી હતી.

આ પછી ડિમોલિશન પ્રકરણમાં સસ્પેન્ડ કરાયેલા પાંચ મનપા કર્મચારીઓના જવાબ લેવામાં આવ્યા હતા. પ્રશ્નવાળી જગ્યાના વિવિધ સિટી સરવે નંબરોના ભાગલા મંજૂર કરનારા સિટી સરવે વિભાગના જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓને પણ કમિટી સમક્ષ હાજર રહેવા જણાવાયું હતું. જેથી નિવેદનનો તબક્કો આજે પુરો થયો હતો.

### હાઇકોર્ટ સુનાવણીમાં રિપોર્ટ રજૂ થવાની શક્યતા ઓછી

નાસીરનગર ડિમોલિશન મુદ્દે હાઇકોર્ટમાં દાખલ પિટિશનની આવતીકાલે સુનાવણી થવાની છે. જોકે, ઉચ્ચસ્તરીય કમિટીએ હજુ સુધી અંતિમ તારણ સાથેનો અહેવાલ સરકારને સોંપ્યો ન હોવાથી આવતીકાલની સુનાવણી દરમિયાન સંપૂર્ણ તપાસ રિપોર્ટ રજૂ થાય તેવી શક્યતા ઓછી હોવાનું જાણવા મળે છે. આગામી નજીકના દિવસોમાં ઉચ્ચસ્તરીય કમિટી સમગ્ર તપાસના તારણ સાથેનો રિપોર્ટ રાજ્ય સરકારને સોંપી શકે છે. ત્યારબાદ સરકાર દ્વારા કમિટીના તારણના આધારે કાર્યવાહી અંગેનો અહેવાલ અથવા જવાબ હાઇકોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. નાસીરનગર ડિમોલિશન વિવાદમાં હાઇકોર્ટની આગામી કાર્યવાહી હવે તપાસ કમિટીના તારણો અને સરકારના જવાબ પર કેન્દ્રિત રહે તેવી સંભાવના છે.

### એજન્સીને યોગ્ય સરવે કરી રિ-વર્ક કરવાની તાકીદ

# ખાડીપૂર:સરવેવિનાજ કન્સલ્ટન્ટે કરોડોના અંદાજો રજૂ કરતાં થેન્નારાશન અકળાયા

**પ્રિન્સિપલ** સેક્રેટરીએ પૂછ્યું કે, ડ્રેજિંગથી કેટલા મેટ્રિક ટન કીચડ-માટી નીકળશે, ખાડીની કેપેસિટી કેટલી વધશે અને નિકાલ ક્યાં થશે? કન્સલ્ટન્ટ પાસે એકેય સવાલનો જવાબ નહીં

સુરતઃ સુરતને ખાડીપૂરની સમસ્યામાંથી કાયમી છૂટકારો અપાવવાના નામે કરોડોના ખર્ચના ડ્રેજિંગના અંદાજો તો મૂકી દેવામાં આવ્યા, પરંતુ આ આંકડા પાછળનો આધાર શું છે તે જ કન્સલ્ટન્ટ એજન્સી પાસે ન હોવાનું ખાડીપૂર નિવારણ કમિટીની બેઠકમાં સામે આવ્યું હોવાની માહિતી છે. પરિણામે સરકારના શહેરી વિકાસ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી થેન્નારાશને કન્સલ્ટન્ટ એજન્સીની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરી હોવાનું જાણવા મળે છે.

મનપા દ્વારા નિયુક્ત કન્સલ્ટન્ટ એજન્સીએ પ્રાથમિક સરવે રિપોર્ટના આધારે ખાડીઓમાં તાત્કાલિક ધોરણે કરી શકાય તેવા વિવિધ ઉપાયો સૂચવ્યા હતા. આ જ રિપોર્ટમાં ચોક્કસ સ્થળોએ ચોક્કસ લંબાઈમાં ડ્રેજિંગ કરવાની ભલામણ સાથે તેના અંદાજિત ખર્ચ પણ દર્શાવવામાં આવ્યા હતા પરંતુ ડ્રેજિંગના ખર્ચના આંકડા કયા પેરામીટર, કયા જથ્થા, કયા રેટ કે કયા સર્વેના આધારે તૈયાર કરાયા છે તેની સ્પષ્ટ વિગતો જ રિપોર્ટમાં ન હોવાનું બેઠકમાં ધ્યાન પર આવ્યું હતું. એટલે કે કરોડોના ખર્ચનો અંદાજ મુકાયો, પરંતુ કેટલું કામ થશે તેનો માપદંડ જ નક્કી નથી! સોમવારે શહેરી વિકાસ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરીની અધ્યક્ષતામાં મળેલી ખાડીપૂર નિવારણ કમિટીની બેઠકમાં આ મુદ્દે કન્સલ્ટન્ટ એજન્સીને સવાલો કરવામાં આવ્યા હતા.

ડ્રેજિંગ માટે ભલામણ કરાયેલાં સ્થળોએ કેટલા મેટ્રિક ટન માટી કે કીચડ નીકળશે, તેની કોઈ જથ્થાત્મક ગણતરી કરવામાં આવી છે કે નહીં, ડ્રેજિંગ બાદ ખાડીની પાણી વહન કે સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થશે અને નીકળેલી માટી-કીચડનો નિકાલ ક્યાં અને કેવી રીતે કરાશે, જેવા મૂળભૂત સવાલોના સ્પષ્ટ જવાબો ઉપલબ્ધ ન હોવાનું સામે આવ્યું હતું.

### ‘પહેલા સરવે કરો, પછી ખર્ચ બતાવો’

ખાડીમાં ડ્રેજિંગ કરવાની વાત કરવી સરળ છે, પરંતુ ડ્રેજિંગથી વાસ્તવમાં કેટલો જથ્થો બહાર આવશે અને તેના પરિણામે ખાડીની ક્ષમતામાં કેટલો ફેરફાર થશે તેની ગણતરી વિના ખર્ચનો અંદાજ મૂકવો કેટલો યોગ્ય છે તે મુદ્દે બેઠકમાં એજન્સીની કામગીરી સામે સવાલો ઊઠ્યા હતા. પ્રાથમિક રિપોર્ટમાં જ આટલી મહત્ત્વની વિગતોનો અભાવ હોવાને કારણે પ્રિન્સિપલ સેક્રેટરી થેન્નારાશને એજન્સીને યોગ્ય સરવે અને આધારભૂત વિગતો સાથે રિ-વર્ક કરવાની સૂચના આપી હોવાનું જાણવા મળે છે. હવે કન્સલ્ટન્ટ એજન્સીને ફરીથી સરવે કરીને ડ્રેજિંગનાં સ્થળ, લંબાઈ, ઊંડાઈ, નીકળનારા કીચડ-માટીનો અંદાજિત જથ્થો, વધનારી પાણી વહન ક્ષમતા, નિકાલની વ્યવસ્થા અને તેના આધારે ખર્ચનું ગણિત રજૂ કરવાનું રહેશે. એટલે કરોડોના ખર્ચ સાથે રજૂ કરાયેલા પ્રાથમિક સૂચનોને હાલ ફરીથી કસોટીમાંથી પસાર થવું પડશે.

## સંક્ષિપ્ત સમાચાર

### ‘સિતારોં કી મહેફિલ’ના નોકઆઉટ રાઉન્ડમાં 25થી વધુ ટીમો વચ્ચે રસાકસી



સુરત : અગ્રવાલ વિકાસ ટ્રસ્ટની યુવા શાખા દ્વારા મહારાજા અગ્રસેન જયંતી નિમિત્તે આયોજિત ‘સિતારોં કી મહફિલ’ કાર્યક્રમના નોક આઉટ રાઉન્ડનું આયોજન રવિવારે સાંજે 6 વાગ્યાથી સિટીલાઇટ સ્થિત મહારાજા અગ્રસેન ભવનના દ્વારકા હોલમાં કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં 25થી વધુ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં બોલિવૂડ ગેમ્સ, સંગીત, બૌદ્ધિક મનોરંજન અને ટીમવર્કનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો. ગ્રાન્ડ ફિનાલેમાં સ્થાન મેળવવા માટે તમામ ટીમોએ વિવિધ રાઉન્ડમાં પોતાની પ્રતિભા અને કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. નોકઆઉટ રાઉન્ડમાંથી પસંદ થયેલી ટીમો હવે 9 ઓક્ટોબર, 2026 ના રોજ યોજાનારા ગ્રાન્ડ ફિનાલેમાં વિજેતા ખિતાબ માટે અંતિમ મુકાબલો કરશે. આ પ્રસંગે ટ્રસ્ટના હોદ્દેદારો અને યુવા શાખાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### મંત્રી અર્જુન મોઢવાડિયાના હસ્તે પાંડેસરા GIDCમાં ‘અમૃત વૃક્ષ-1’ પ્રોજેક્ટનું લોકાર્પણ



સુરતઃ વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રી અર્જુન મોઢવાડિયાના હસ્તે પાંડેસરા ઇન્ડસ્ટ્રીઝ એસોસિયેશન દ્વારા જી.આઈ.ડી.સી. પાંડેસરા પ્લોટ ખાતે નિર્મિત “અમૃત વૃક્ષ-૧”પ્રોજેક્ટનું લોકાર્પણ કરાયું હતું. આ અવસરે અર્જુન મોઢવડીયાએ જણાવ્યું હતું કે, ઔદ્યોગિક વિકાસની સાથે પર્યાવરણનું સંરક્ષણ અને હરિયાળીનું સંવર્ધન સમયની માંગ છે. ઉદ્યોગો દ્વારા વૃક્ષારોપણ અને પર્યાવરણલક્ષી પહેલોને પ્રોત્સાહન આપવાથી ટકાઉ વિકાસના લક્ષ્યોને સિદ્ધ કરવામાં મદદ મળશે. આ પ્રસંગે પાંડેસરા ઇન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના ચેરમેન કમલવિજય તુલસ્યાન, પાંડેસરા ગ્રીન સોસાયટીના પ્રમુખ જિતેન્દ્રકુમાર વખારિયા, મહેશભાઈ કબૂતરવાલા એસોસિયેશનના હોદ્દેદારો, ઉદ્યોગકારો તથા વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### ડુમસ બીચ પર આકાશવાણીના કર્મયોગીઓએ સફાઇ અભિયાન હાથ ધર્યું



સુરતઃ વિશ્વ પ્રવાસન દિન નિમિત્તે તા. 27 સપ્ટેમ્બરના રોજ ‘સ્વચ્છ સાગર, સુરક્ષિત સાગર’ શ્રૃંખલા હેઠળ સુરતના સુપ્રસિદ્ધ પર્યટન સ્થળ ડુમસ સમુદ્રતટે સફાઇ અભિયાન યોજાયું હતું. આકાશવાણી, વિવિધભારતી, સુરતના કર્મયોગીઓ દ્વારા ડુમસ બીચ પર સફાઈ કામગીરી કરવામાં આવી હતી. કર્મયોગીઓએ સમુદ્રકિનારે પડેલો કચરો એકત્ર કરી સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. આ દરમિયાન જાહેર સ્થળો અને ખાસ કરીને પર્યટન સ્થળોની સ્વચ્છતા જાળવવામાં લોકોની ભાગીદારી મહત્વપૂર્ણ હોવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આકાશવાણીના કર્મયોગીઓએ સ્વચ્છતા જાળવવા માટે અન્ય લોકોને પણ પ્રેરિત કર્યા હતા.

### NTPC કવાસ સ્ટેશન ખાતે હાસ્ય કવિ સંમેલન યોજાયું



સુરતઃ એનટીપીસી કાવાસ સ્ટેશન ખાતે હિન્દી પખવાડિયાની ઉજવણી અંતર્ગત હાસ્ય કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ કવાસના પ્રોજેક્ટ હેડ દેવેશકુમાર પાઢીએ દીપ પ્રાગટ્ય કરીને કર્યો હતો. હાસ્ય કવિ સંમેલનમાં સુરતથી ઉપસ્થિત કવયિત્રી સોનલ જૈને હાસ્ય અને શ્રૃંગાર રસની રચનાઓ રજૂ કરી હતી. કવિ સૌરભ જૈન ‘સુમન’એ વીર અને હાસ્ય રસની કવિતાઓ રજૂ કરી હતી. ઉજ્જૈન (મધ્યપ્રદેશ)થી આવેલા કવિ ગોવિંદ રાઠીએ પોતાની વ્યંગ્યાત્મક અને હાસ્યરસથી ભરપૂર કવિતાઓ દ્વારા ઉપસ્થિતોને ખડખડાટ હસાવ્યા હતા. જ્યારે કાનપુર (ઉત્તરપ્રદેશ) થી આવેલા કવિ અનિરુદ્ધ મદ્ધેશિયાએ હાસ્યરસની પોતાની કવિતાઓથી શ્રોતાઓનું ભરપૂર મનોરંજન કર્યું હતું. કર્મચારીઓ, મહિલાઓ, બાળકો તેમજ સીઆઈએસએફના જવાનો માટે વિવિધ સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

### અડાજણની સોસાયટીમાં ગણેશોત્સવમાં અંતાક્ષરી અને હાસ્ય કાર્યક્રમો યોજાયા

સુરતઃ અડાજણમાં આવેલા વાસુદેવકૃષ્ણ, રાધે કૃષ્ણ અને હરેકૃષ્ણ એપાર્ટમેન્ટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા ગણેશોત્સવમાં પીઢ હાસ્ય કલાકાર પ્રભાકર ધોળકિયા દ્વારા મનોરંજન કાર્યક્રમ તેમજ અંતાક્ષરીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમોને સફળ બનાવવામાં ધવલ વિસરીયા, જયેશ વિસરીયા, કશ્યપ દેસાઈ, નિકુંજ ભાવસાર, નિર્ભય ભગત અને રમેશ પ્રજાપતિ સહભાગી બન્યા હતા.

### સિવિલ કોર્ટમાં પેન્ડિંગ દાવા વચ્ચે દાવો કરનારને હાઈકોર્ટનો 50 હજારનો દંડ

સુરતઃ ગુજરાત હાઈકોર્ટે સુરતના સલાબતપુરા-નાની બેગમવાડી સ્થિત ‘Galaxy Point’ મિલકત માટે બીયુસી મેળવવા મે. ગેલેક્સી ઓર્ગેનાઈઝર પેઢીના ભાગીદાર જુનેદ અહમદ શેખ વગેરે દ્વારા દાખલ રિટ પિટિશન ફગાવી દીધી છે. ન્યાયમૂર્તિ નિખિલ એસ. કેરિયેલની ખંડપીઠે અરજદારોને રૂ. 50,000નો દંડ પણ ફટકાર્યો છે. પેઢીના અન્ય ભાગીદારો તરફથી એડવોકેટ્સ સલીના મોમીન, ઝુબેર કાપડિયા અને ઉમર ફારૂકીએ વિરોધ કરતા રજૂઆત કરી હતી કે ભાગીદારો વચ્ચેનો હકો અને સત્તાનો મુખ્ય વિવાદ આર્બિટ્રેશન અને સિવિલ કોર્ટમાં પેન્ડિંગ છે. હાઈકોર્ટે નોંધ્યું કે ભાગીદારોનો આંતરિક વિવાદ રિટ જ્યુરિસડિક્શનથી નક્કી ન થઈ શકે. ડેવલપમેન્ટ પરમિશન પેઢીના નામે હોવાથી અમુક ભાગીદારોને વિશેષ હક મળતો નથી. આવી સ્થિતિમાં BU પરમિશન આપવાથી સિવિલ દાવા પર અસર પડી શકે છે અને ભવિષ્યના ખરીદદારોના હકો જોખમાઈ શકે છે.

### આસક્તિના ફંદામાં ફસાયા તો ખેલ ખતમ થઇ જશે: પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના જૈન ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે અમૃતવાણી વહાવતા કહ્યું હતું કે, જો તમારે મોક્ષે જવું હોય તો ધર્મની ક્રિયાને ધર્મમાં ટ્રાન્સફર કરો અને જો દુર્ગતિમાં ન જવું હોય તો પાપની ક્રિયાઓને પાપ બનવા ન દો. ધર્મની ક્રિયાને ધર્મ બનાવવા માટે ધર્મક્રિયા અને ધર્માત્માઓ પ્રત્યે ઉછળતો બહુમાનભાવ હોવો જોઇએ. જે ક્રિયા કરો તે ગદગદ ભાવે કરો. માનવભવમાં જ આવી ક્રિયાઓ જોવા મળે છે અને કરવા મળે છે. બાકીની ત્રણ ગતિઓમાં ધર્મક્રિયાઓ કે ધર્મના આચરણમાં ફાંફા છે. દુર્ગતિનાં દ્વાર ન ખખડાવવા હોય તો પાપની ક્રિયાઓ ઉપર તીવ્ર પશ્ચાતાપ હોવો જોઇએ. પદ, પદાર્થ, પૈસા, પરિવાર અને પરિવાર પ્રત્યે ‘અટેચમેન્ટ’ હોય ત્યાં સુધી તમે સલામત છો પણ જો ‘ઇન્વોલમેન્ટ’ આવ્યું તો ગમે ત્યારે જીવનમાં સંઘર્ષો અને સંકલેશોની સમશેર ખેંચાઇ શકે છે. જ્યાં સુધી અનાસક્ત ભાવના સંબંધો છે ત્યાં સુધી તમે બચી જશો પણ આસક્તિના ફંદામાં ફસાયા તો ખેલ ખતમ થઇ જશે.

# ‘લાલો’ ફિલ્મ જેવાં દ્રશ્યો, ચોરી કરવા કારખાનામાં ઘૂસેલા ચોર ફસાઈ ગયા

**ખટોદરા** GIDCના બંધ કારખાનામાં ઘૂસેલા બે તસ્કરો બહાર નીકળવાનો રસ્તો ભૂલતાં ફસાયા

**ફાયરે** બારીના સળિયા કાપી રેસ્ક્યુ કરી પોલીસને સોંપી દીધા

સુરત : લાલો ફિલ્મની જેમ સુરતમાં ખટોદરા GIDCમાં રવિવારની રજાનો લાભ લઈ બંધ કારખાનામાં ચોરીના ઈરાદે ઘૂસેલા બે તસ્કરો અંદર ગયા બાદ બહાર નીકળવાનો રસ્તો જ ભૂલી ગયા હતા. અંતે ફાયરે બહાર કાઢી પોલીસને સોંપી દીધા હતા.

પાંડેસરા વિસ્તારમાં આવેલી આશાપુરી સોસાયટીમાં રહેતો 18 વર્ષીય રોશન બિનબહાદુર સહાની તેના સગીર સાથીદાર સાથે રવિવારે સાંજે ચોરી કરવાના ઈરાદે નીકળ્યો હતો. બંનેએ ખટોદરા GIDCમાં બમરોલી રોડ પર આવેલા એક બંધ કારખાનાને નિશાન બનાવ્યું હતું. રવિવારની રજાના કારણે કારખાનું બંધ હોવાથી બંને ચોરીના ઈરાદે અંદર ઘૂસી ગયા હતા.

કારખાનામાં પ્રવેશ્યા બાદ બંનેએ ચોરી કરવા માટે માલસામાનની શોધખોળ શરૂ કરી હતી. જોકે, અંદર ગયા બાદ બહાર નીકળવાના રસ્તા અંગે બંને મૂંઝવણમાં મુકાયા હતા કોઈ રસ્તો ન મળતાં બંનેની હાલત કફોડી બની હતી. આખરે કારખાનામાં ફસાઈ જવાનો ભય લાગતાં બંને ત્રીજા માળે પહોંચ્યા હતા. ત્યાં બારીમાંથી નીચે નજર કરતાં લોકોને જોઈ બંનેએ જોરજોરથી ‘બચાવો... બચાવો’ની બૂમો પાડવાનું શરૂ કર્યું હતું. બંધ કારખાનામાંથી બૂમો સંભળાતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. પોલીસે આવીને ફાયરને બોલાવતાં મજુરા ફાયરની ટીમે આવીને બંનેને સળીયા કાપીને બહાર સલામત રીતે કાઢ્યા હતા અને પોલીસને સોંપી દીધા હતા.

### PCRના જવાનોએ બંનેનો કબજો લીધો

ફાયર વિભાગની ટીમે બંનેને બહાર કાઢતાં તેમણે રાહતનો શ્વાસ લીધો હતો. જોકે, નીચે આવતાં જ તેમની સામે પોલીસના જવાનો હાજર હોવાનું જોઈ બંનેની મુશ્કેલી વધુ વધી ગઈ હતી. PCRના જવાનોએ બંનેને કબજામાં લઈ ખટોદરા પોલીસને સોંપ્યા હતા. ખટોદરા પોલીસે 18 વર્ષીય રોશન સહાની તથા તેના સગીર સાથીદાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પાંચ મહિનાથી જયંત પાઠક ગાર્ડનમાં કોઢ ઉંદરોનો કબજો, ફરિયાદો છતાં પરંતુ મનપાનું તંત્ર ઘોર નિંદ્રામાં!




સગરામપુરા વિસ્તારમાં કે.પી.સંઘવીની બાજુમાં આવેલા જયંત પાઠક ગાર્ડનની હાલત છેલ્લા પાંચ મહિનાથી કથળી રહી હોવા છતાં મનપાના તંત્રના પેટનું પાણી પણ હલતું નથી. સ્થાનિકો કહી રહ્યા છે કે, ગાર્ડનમાં મોટા કદના કોઢ ઉંદરોએ ઠેર-ઠેર મોટા મોટા દર બનાવી આખા ઉદ્યાનને ખોદી નાંખ્યો છે. ઉંદરોની સંખ્યા એટલી વધી ગઈ છે કે સવાર-સાંજ વોકિંગ માટે આવતા સિનિયર સિટિઝનોના પગમાં પણ ઉંદરો આવી ચઢતા હોવાની ફરિયાદો ઊઠી છે. ગાર્ડનમાં આવતા સિનિયર સિટિઝનોએ સ્થાનિક કોર્પોરેટરો તેમજ મનપાના અધિકારીઓને રૂબરૂ રજૂઆત પણ કરી છે. તેમ છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી.

### 20 વર્ષ જૂના પ્રોવિઝનલ એસેસમેન્ટ હવે કસ્ટમ્સની રડારમાં

# આયાતી કોલસાના બિલની એન્ટ્રીના ફાઈનલ એસેસમેન્ટની નોટિસ અપાઈ

**દસ્તાવેજો** નહીં આપનાર સામે એક્સ પાર્ટી ઓર્ડર અને એડજસ્ટમેન્ટ બાદ મોટી પેનલ્ટી વસૂલ કરાશે

સુરત : સુરત અને આસપાસના વિસ્તારોમાં આયાતી કોલસો વાપરતા ઉદ્યોગકારો માટે સુરત કસ્ટમ્સ વિભાગની કાર્યવાહી મહત્વની બની છે. છેલ્લા આશરે 20 વર્ષ દરમિયાન વિવિધ કારણોસર ઈન્ડોનેશિયન મૂળના આયાતી કોલસાના અનેક બિલ ઓફ એન્ટ્રીનું પ્રોવિઝનલ એસેસમેન્ટ કરવામાં આવ્યું હતું. હવે આવા કેસોમાં કસ્ટમ્સ વિભાગે ફાઈનલ એસેસમેન્ટ કરવાની પ્રક્રિયા શરૂ કરી આયાતકારોને જરૂરી દસ્તાવેજો રજૂ કરવા પત્રો પાઠવ્યા છે.કસ્ટમ્સના પત્રો મળતાં આયાતકારો અને ઉદ્યોગકારોમાં ચિંતા ઊભી થઈ છે. ખાસ કરીને જૂના આયાત વ્યવહારોના દસ્તાવેજો અને મૂલ્યાંકન સંબંધિત પુરાવા રજૂ કરવાની પ્રક્રિયા ઉદ્યોગો માટે પડકારરૂપ બની શકે છે.

### જૂની ફાઇલો ખૂલતાં આયાતકારોમાં દોડધામ

પ્રોવિઝનલ એસેસમેન્ટવાળા જૂના Bill of Entryનું અંતિમ મૂલ્યાંકન કરવા માટે કસ્ટમ્સ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરાતા આયાતકારો હવે પોતાના જૂના આયાત વ્યવહારો, બિલ, કરાર, પેમેન્ટ રેકોર્ડ, કિંમત સંબંધિત પુરાવા સહિતના દસ્તાવેજો એકત્ર કરવાની પ્રક્રિયામાં લાગી ગયા છે. લાંબો સમય વીતી ગયો હોવાથી કેટલાક કેસોમાં જૂના રેકોર્ડ ઉપલબ્ધ કરાવવાનો પ્રશ્ન પણ ઊભો થઈ શકે છે.

# ખાનગી યુનિ.ના કેમ્પસમાં પોલીસની લાઈટો સાથે વિદ્યાર્થીઓ દ્વારા સ્ટંટ

**બે** કાર દ્વારા ડ્રિફ્ટિંગ કરાયું, એક કારમાં આગ નીકળતી હતી, બાઈક પર પણ સ્ટંટ કરાયા



સુરતઃ સુરતની ઓરો યુનિ.માં 27 સપ્ટેમ્બરની સાંજે યુનિવર્સિટી કેમ્પસમાં યોજાયેલા આ કાર્યક્રમના કેટલાક વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો છે. વાયરલ થયેલા વિડીયોમાં બે કાર દ્વારા ડ્રિફ્ટિંગ કરવામાં આવતું જોવા મળે છે. એક કારમાંથી આગ નીકળતી હોવાનાં દૃશ્યો પણ સામે આવ્યાં છે. ઉપરાંત બાઈક પર વ્હીલી સહિતના સ્ટંટ કરવામાં આવ્યા હતા. બાઈકના પાછળના ટાયરમાં આગ લગાવીને સ્ટંટ કરવામાં આવ્યો હતો. કારની બાજુની સીટ પર બેઠેલી એક વ્યક્તિ બારીમાંથી બહાર આવીને ફાયર ગન દ્વારા હવામાં ફાયરિંગ કરતી જોવા મળે છે.

### મુખ્ય આયોજક અલ્પેશભાઈ રબારી સામે ગુનો નોંધાયો

સમગ્ર મામલે એસીપી શ્વેતા ડેનિયલે જણાવ્યું હતું કે, ગત 27 સપ્ટેમ્બરના રોજ ઇછાપોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી ઓરો યુનિવર્સિટી ખાતે ‘ડ્રિફ્ટ જામ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રોફેશનલ સ્ટંટમેનો મારફતે કાર ડ્રિફ્ટિંગ અને વિવિધ પ્રકારના જોખમી સ્ટંટ કરવામાં આવ્યા હતા. અમદાવાદના રહેવાસી અને આ કાર્યક્રમના મુખ્ય આયોજક અલ્પેશભાઈ ભગવાનભાઈ રબારી દ્વારા પોલીસની જરૂરી પરવાનગી કે ડોક્યુમેન્ટ્સ મેળવ્યા વિના જ આ આયોજન કરવામાં આવ્યું હતું. આ ગેરકાયદેસર આયોજન બદલ ઇચ્છાપોર પોલીસ સ્ટેશન દ્વારા ગુનો રજીસ્ટર કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને મુખ્ય આયોજક અલ્પેશભાઈ રબારીને હાલ એકમાત્ર આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા છે.

### અમરોલીમાં ધોરણ-૮ની કિશોરી સાથે પાડોશી યુવકનાં અડપલાં

સુરત : અમરોલીમાં રહેતી ધોરણ-૮માં અભ્યાસ કરતી કિશોરી ગત તા.૧૪મીએ પોતાના રહેણાંક બિલ્ડિંગ બહાર બાકડા પાસે બેઠી હતી. તે સમયે એ જ બિલ્ડિંગમાં રહેતા ૩૮ વર્ષીય ભાવેશ પટેલે તેની છેડતી કરી હતી. બાદમાં ગત તા.૨૧મીએ ભાવેશની ૧૦ વર્ષીય દીકરી કિશોરીની બહેનપણી હોવાથી કિશોરી તેના ઘરે ગઈ હતી. તે સમયે ભાવેશે એકલતાનો લાભ લઈ કિશોરીને અડપલાં કર્યા હતા. આ ઘટનાથી ગભરાયેલી કિશોરીને ભાવેશે આ અંગે કોઈને જાણ નહીં કરવા ધમકી આપી હતી. ઘટના બાદ કિશોરી હતાશ રહેતી હોવાથી તેની માતાએ કારણ પૂછતાં કિશોરીએ પોતાની સાથે થયેલી સમગ્ર ઘટના અંગે માતાને જાણ કરી હતી. પોલીસે કિશોરીની ફરિયાદના આધારે જરીના કારખાનામાં કામ કરતાં ભાવેશ પટેલની ધરપકડ કરી તેની વિરુદ્ધ પોક્સો સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

**વિશ્વ હાર્ટ ડે** સુરતમાં યુવાનોના હૃદય પર વધતું જોખમ, કેસમાં 30 ટકાનો વધારો

# છ માસમાં 108ને હાર્ટ સંબંધિત 4 હજાર કોલ

**સુરતમાં** 3.5 લાખ હાર્ટના દર્દીઓમાં 80 હજાર યુવાનો હોવાનો દાવો

**20થી** 40 વર્ષની ઉંમરે જ હાર્ટની તકલીફો, 20-22 વર્ષના યુવાનોમાં પણ હાઈ BPની મોટી સમસ્યા

સુરતઃ એક સમય હતો જ્યારે હાર્ટ એટેક કે હૃદયની બીમારીનું નામ આવે એટલે મોટી ઉંમરના લોકોનો વિચાર આવતો. પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ રહી છે. 20થી 40 વર્ષની ઉંમરના યુવાનોમાં પણ હૃદય સંબંધિત સમસ્યાઓ ચિંતાનો વિષય બની રહી છે. 29 સપ્ટેમ્બરના વિશ્વ હાર્ટ ડે નિમિત્તે સુરતમાં સામે આવી રહેલી તબીબી સ્થિતિ યુવા વર્ગ માટે ચેતવણીરૂપ બની રહી છે. સુરતમાં હાર્ટ સંબંધિત ઈમરજન્સીના કેસ અંગે 108 એમ્બ્યુલન્સ સેવાના આંકડા પણ મહત્વની તસવીર રજૂ કરે છે.

તબીબી ક્ષેત્ર સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા મુજબ, સુરતમાં છેલ્લા એક વર્ષ દરમિયાન 20થી 40 વર્ષની વયજૂથમાં હાર્ટ સંબંધિત બીમારીઓના કેસમાં અંદાજે 30થી 40 ટકાનો વધારો નોંધાયો હોવાનું સામે આવ્યું છે. હૃદયની સમસ્યાઓ પાછળ માત્ર ઉંમર કે વધતું વજન જ જવાબદાર નથી. સતત સ્ટ્રેસ, ઊંઘનો અભાવ, બેઠાડું જીવન, કસરતનો અભાવ, તમાકુ-સિગારેટ, બિનઆરોગ્યપ્રદ આહાર, હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ અને પારિવારિક ઈતિહાસ જેવા પરિબળો યુવાનોમાં જોખમ વધારી શકે છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, સુરતમાં આશરે સાડા ત્રણ લાખ લોકો હૃદય સંબંધિત બીમારીઓથી પીડાતા હોવાનો અંદાજ છે. તેમાં આશરે 80 હજાર યુવાનો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ આંકડા માટે શહેરવ્યાપી પ્રમાણિત રજિસ્ટ્રી ઉપલબ્ધ ન હોવાથી તેને સત્તાવાર વસ્તી આધારિત આંકડા તરીકે નહીં પરંતુ સ્થાનિક સ્તરે જણાવાયેલા અંદાજ તરીકે જોવો જરૂરી છે. તેમ છતાં, યુવાનોમાં હૃદયના જોખમ અંગેની વધતી તબીબી ચિંતા આ મુદ્દાને ગંભીર બનાવે છે.

### 20-22 વર્ષની ઉંમરે પણ હાઈ BP : ડોક્ટરો માટે પણ ચિંતાનો વિષય

નવી સિવિલના કાર્ડિયોલોજિસ્ટ ડો. ધર્મિલ એમ. પટેલના જણાવ્યા મુજબ, હાલ 20થી 22 વર્ષની ઉંમરના યુવાનોમાં પણ હાઈપરટેન્શનના કેસ જોવા મળી રહ્યા છે. લાંબા સમય સુધી બ્લડપ્રેશર અનિયંત્રિત રહે તો હૃદય અને રક્તવાહિનીઓ પર તેની અસર થઈ શકે છે. દર્દીની સ્થિતિ અને તબીબી ઇતિહાસને ધ્યાનમાં રાખીને હૃદયરોગના જોખમકારકોનું મૂલ્યાંકન કરવામાં આવે છે. કેટલાક દર્દીઓમાં જરૂરિયાત મુજબ Lp(a) જેવા રક્ત પરીક્ષણો પણ કરવામાં આવે છે. Lp(a) એટલે Lipoprotein(a), જે લોહીમાં રહેલું એક પ્રકારનું લિપોપ્રોટીન છે. તેનું સ્તર મુખ્યત્વે આનુવંશિક પરિબળોથી પ્રભાવિત થાય છે. તેનું સ્તર ઊંચું હોય તો કોરોનરી આર્ટરી ડિસીઝ, હાર્ટ એટેક અને સ્ટ્રોકના જોખમ સાથે તેનો સંબંધ જોવા મળ્યો છે.

### 108ના હાર્ટ સંબંધિત છ માસના આંકડા

| મહિનો | હાર્ટ સંબંધિત કેસ |
|---|---|
| એપ્રિલ | 608 |
| મે | 660 |
| જૂન | 620 |
| જુલાઈ | 741 |
| ઓગસ્ટ | 795 |
| સપ્ટે. (તા.22 સુધી) | 544 |
| કુલ | 3,968 |



# નાટ્યસ્પર્ધામાં ‘આંખોને પેલે પાર’ નાટક સમજની ‘પેલે પાર’ જ રહ્યું

સુરતઃ સુરત મહાનગર પાલિકા આયોજિત ૫૨મી નાટ્ય સ્પર્ધાના બીજા દિવસે એસ.જે.ઈવેન્ટ્સ દ્વારા નિર્મિત રાજેન્દ્ર શુક્લ લિખિત અને જય દિક્ષિત દિગ્દર્શિત નાટક ‘આંખોને પેલે પાર’ ભજવાયું હતું. નાટ્યકાર સલિલ ઉપાધ્યાયના જણાવ્યા પ્રમાણે, નાટકની વાર્તા હતી અબજોની કિંમતનું દુર્લભ ઝવેરાત, અંધ માલિક અને તેને હાંસલ કરવા ઉતરેલા ખેલંદાઓ. અહીંથી શરૂ થાય છે એક ખતરનાક રમત. કોઈને પૈસા જોઈએ છે, કોઈને સંબંધ, તો કોઈ માત્ર રમત માટે મેદાનમાં છે. ચાલ અને પ્રતિચાલ વચ્ચે બે ખેલંદાઓની હત્યા થાય છે. કોણ મર્યું? શા માટે? અને હત્યારો કોણ? આંખોની સામે ચાલતી આ રમતના સાચા ખેલંદાઓ તો કદાચ આંખોની પેલે પાર છે. પડદો ખૂલતાં સરસ સન્નિવેષ સાથે નાટકની શરૂઆત થાય છે. અભિનયમાં નર્સ સપના પાત્રમાં મેઘા સિયારામ પોતાના પાત્રને અનુરૂપ અભિનય કરી ગયા. રૂપાલીના પાત્રમાં જાનકી ઠાકર અભિનયની છાપ છોડી ગયા. દર્શન ઝવેરીનું સંગીત અને નિકુંજ મમરાવાળાનું પ્રકાશ આયોજન નાટકને જીવતું રાખ્યું. નાટકની ધીમી ગતિ પ્રેક્ષકોને જકડી રાખવામાં નિષ્ફળ રહ્યું હતું.

### આજનું નાટક

આવતીકાલે મંગળવારે જિયાગ્રા પ્રોડક્શનનું નાટક ‘ડ્રાયફ્રુટ લાપસી’ નાટ્યસ્પર્ધામાં રજૂ થશે.